# રીક્ષામાં બેસાડી ઠગી લેતી ગેંગ ફરી ગાંધીનગરમાં સક્રિય

## રીક્ષા ગેંગના ગઠીયાઓએ રીક્ષામાં બેસાડી અમદાવાદના યુવાનનું ખીસ્સુ કાપી રૂ. ૩૦ હજાર રોકડા લઈ છૂમંતર

ગાંધીનગર, તા.૯

ગાંધીનગર શહેરમાં ફરી એકવાર રીક્ષામાં બેસાડી મુસાફરો ઠગી લેતી ગેંગ સક્રીય બની છે. જેનો તાજેતરમાં જ અમદાવાદનો યુવાન ભોગ બન્યો હતો. શહેરના ચરેડી છાપરા પાસેના ફાટક આગળથી એક મહિલા સહિત ચાર ઈસમોએ યુવાનને રીક્ષામાં બેસાડી તેના ખીસ્સામાં રહેલા રૂ. ૩૦ હજાર રોકડા સેરવી લઈ રીક્ષા લઈ છૂમંતર થઈ ગયા હતા. આ બનાવ અંગે સે. ૨૧ પોલીસે ગુનો નોંધી આરોપીઓને શોધી કાઢવા સઘન તપાસ આરંભી છે.

પોલીસ સૂત્રો પાસેથી મળેલી વિગતો મુજબ અમદાવાદના ખોખરા વિસ્તારની ડુંગરજીની ચાલીમાં રહેતો ૨૮ વર્ષીય રોહિતપુરી લક્ષ્મણપુરી ગોસ્વામી પોતાના કામકાજ અર્થે ખીસ્સામાં રોકડા ૩૦ હજાર રૂપિયા લઈ ગાંધીનગર આવ્યો હતો. દરમિયાન રીક્ષામાં બેસી જીઈબી તરફના માર્ગ પરથી પસાર થઈ રહ્યો હતો. રીક્ષામાં અન્ય મુસાફરોમાં એક મહિલા સહિત ચાર ઈસમો પણ હતા. બસ થોડે દૂર ચરેડીના છાપરા પાસે પહોંચતા જ રીક્ષા ખરાબ થઈ હોવાનુ બાનુ રીક્ષા ચાલકે કર્યુ હતું અને તમામ મુસાફરોને રીક્ષામાંથી ઉતારી મુક્યા હતા. થોડા સમય બાદ યુવાનને પોતાના ખીસ્સામાં રહેલા નાણાં સહિસલામત છે કે કેમ તે તપાસ કરતા યુવાનના પેન્ટના ખીસ્સામાં રોકડ રૂપિયા ન હતા અને કોઈ ધારદાર વસ્તુથી ખીસ્સુ કપાઈ ગયેલ જોવા મળ્યું હતું. અને રીક્ષામાં સવાર ગઠીયાઓ આ રૂપિયા લઈ ફરાર થઈ ગયા હતા. આ ઘટના બનતા યુવકે તુરંત આસપાસમાં રીક્ષા ચાલકની અન્ય મુસાફરોની શોધખોળ હાથ ધરી હતી. જો કે લાંબી શોધખોળ કરવા છતાં પણ કોઈ મળ્યુ ન હતુ. આથી યુવકે સેક્ટર-૨૧ પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવતા પોલીસ ગુનો નોંધી વધુ કાર્યવાહી હાથ ધરી છે. જેની તપાસ પી.એસ.આઈ. બી.કે. અસારી ચલાવી રહ્યા છે.




સ્વાઈન ફ્લુ રોગનો કહેર હજુ પણ ઓછો થતો નથી. દર્દીઓમાં ઘટાડો થવાની જગ્યાએ વધી રહ્યો છે. ગરમીનું પ્રમાણ વધી રહ્યું છે. છતા પણ સ્વાઈનફ્લુ લોકોને ઝપટમાં લઈ રહ્યો છે. ચાંદખેડા સ્થિત વિસતમાતા પ્રાથમિક શાળામાં સમાજસેતુ સંસ્થા દ્વારા સ્વાઈનફ્લુ પ્રતિરોધક માસ્કનું વિતરણ કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે ગાંધીનગર દક્ષિણના ધારાસભ્ય શંભુજી ઠાકોર અને ચાંદખેડા ભાજપ પ્રમુખ અરવિંદ પટેલે વિદ્યાર્થીઓને માસ્ક પહેરાવ્યા હતા. જેમાં ભરતભાઈ અનિકર, સ્થાનિક અગ્રણીઓ અને વાલીઓ ઉપસ્થિત રહ્યા હતા.

# વોટ્સઅપ પર પોતાની નગ્ન તસ્વીર જોઈ યુવક આઘાતમાં સરી પડ્યો

## મોટા ઈસનપુરમાં મિત્રએ જ મિત્રની અશ્લિલ તસ્વીરો પોતાના ફોનમાં ખેંચી વોટ્સઅપ પર આખા ગામમાં ફરતી કરી : ભોગ બનનાર યુવકના પિતાએ પોલીસ ફરિયાદ નોંધાવી

ગાંધીનગર, તા. ૯

ટેકનોલોજીના વર્તમાન યુગમાં સોશ્યલ મીડીયાના અવિવેક ઉપયોગને લીધે હાલ સમાજ જીવનમાં અનેક અશ્લિલ હરકતના કિસ્સાઓ પ્રકાશમાં આવ્યા છે. પરિણામે સમાજને નીચુ જોવાનો વારો આવ્યો છે. જ્યારે કેટલાક કિસ્સામાં આ સોશ્યલ મીડીયાનો ભોગ બનનાર કેટલાકે આત્મહત્યા કરવાનો પણ વારો આવ્યો છે. ત્યારે આવી જ સોશ્યલ મીડીયાની અવિવેક ઉપયોગની વિચિત્ર અને અશ્લિલ ઘટના ગાંધીનગરના ઈસમપુર મોટા ગામે પ્રકાશમાં આવી છે.

પ્રાપ્ત પોલીસ માહિતી અનુસાર ગાંધીનગર નજીકમાં ઈસનપુર મોટા ગામ આવેલ છે, જ્યાં ધૂળેટીના દિવસે ગામના કેટલાક યુવાનો ધૂળેટી રમી નજીક પાણીમાં ન્હાવા ગયા હતા. દરમિયાન ગામના જ એક યુવાન આશિષ ભરત પટેલે તેના જ મિત્રની અશ્લિલ નગ્ન તસ્વીરો પોતાના મોબાઈલ ફોનમાં ખેંચી લીધી હતી અને બાદમાં તે તસ્વીરને વોટ્સઅપ નામની સોશ્યલ મીડીયા સાઈટ પર વાઈરલ કરી લીધી હતી. મિનિટોમાં આ પોસ્ટ(તસ્વીરો) આખા ગામ સહિત આસપાસના ગામમાં વાઈરલ થતા ઘટનાનો શિકાર થનાર યુવક અને તેના પરિવારજનો બેસરમ હરકત સામે સરમજનક પરિસ્થિતિમાં મુકાઈ ગયા હતા. અને આ અશ્લિલ ઘટનાને અંજામ આપનાર યુવક આશિષ પટેલના ઘરે ઠપકો આપવા ગયા હતા પરંતુ આ યુવકે ઉલ્ટાનું અફસોસ કરકવાને બદલે ભોગ બનનાર યુવકના પરિવારજનોને ગાળો બોલી મારી નાખવાની ધમકી આપી હતી. આથી ભોગ બનનાર યુવકના પિતાએ ચિલોડા પોલીસ મથકમાં ફરિયાદ આપી હતી જેથી પોલીસે ગુનો નોંધી આ મામલે વધુ કાર્યવાહી હાથ ધરી છે. આ તપાસ પી.આઈ. મિશ્રા ચલાવી રહ્યા છે.

# નગરમાં દબાતા પગલે ઉનાળાનુ આગમન

## ગરમીનો મહત્તમ પારો ૩૨.૮ ડિગ્રી સે. પહોંચ્યો : લઘુત્તમ તાપમાન ૧૮ ડિગ્રી સે. નોંધાયું : રાત્રીના સમયે આઈસ્ક્રીમ-ઠંડા પીણાના પાર્લરો પર ઘરાકી વધી

ગાંધીનગર, તા. ૯

ગાંધીનગરમાં ધીરે ધીરે તાપમાનનો પારો ઉપર તરફ ગતિ કરી રહ્યો છે. જેના કારણે દબાતા પગલે નગરમાં ઉનાળાની શરૂઆત થઈ રહી છે. આજે તાપમાન મહત્તમ ૩૨.૮ ડિગ્રી સે. રહેવા પામ્યું હતું અને લઘુત્તમ તાપમાન ૧૮ ડિગ્રી સે. નોંધાયું હતું.

હજુ પણ મોડી રાત્રે અને વહેલી પરોઢે નગરજનોને ઠંડીનો અનુભવ થઈ રહ્યો છે. પરંતુ થોડા દિવસ પૂર્વે થયેલા કમોસમી વરસાદથી સર્જાયેલ શીત આબોહવા હવે ધીમે ધીમે ઉષ્ણતા પકડી રહી છે. સવારે જે ભેજનું પ્રમાણ વાતાવરણમાં ૩૪ ટકા હતુ તે સાંજે ઘટીને માત્ર ૧૭ ટકા રહેવા પામ્યું હતું. બપોરના સમયે ગરમીનું પ્રમાણ વધતા વાહન વ્યવહાર અને અન્ય જનજીવન પર તેની અસર વર્તાવા લાગી છે. ઘરો અને ઓફિસોમાં ફરજીયાતપણે પંખા-એસી-કૂલર વગેરેનો વપરાશ અનિવાર્ય બન્યો છે. ગરમીનું વધતુ જતુ પ્રમાણ ધીમા પગલે થઈ રહેલા ઉનાળાના આગમનના સંકેત દર્શાવી રહ્યું છે.

નગરમાં પધારી રહેલા ઉનાળાના પગલે ઘ-૭ સર્કલ સહિત અનેક ઠેકાણે તડબુચ વગેરે ઠંડક આપતા ફળોના વેચાણનો પ્રારંભ થઈ ચુક્યો છે. રાત્રીના સમયે જમ્યા બાદ નગરજનો ખુલ્લી જગ્યામાં, બગીચાઓમાં કે સર્કલો પર હરવા ફરવા નીકળવા લાગ્યા છે. અને સાથે સાથે આઈસ્ક્રીમ-ઠંડા પીણાના પાર્લરો પર પણ ભીડ વધતી જોવા મળી રહી છે. જો કે હજુ પણ કમોસમી વરસાદના કારણે પેદા થયેલા મચ્છરોનું પ્રમાણ ઓછુ થાય તેટલી ગરમી વાતાવરણમાં જણાતી નથી. અને મોડી રાત્રે વધવા લાગતી ઠંડકના કારણે મચ્છરોથી બચવા ચાલુ કરાયેલા પંખા બંધ કરવા પડે તેવી પરિસ્થિતિ સર્જાઈ રહી છે. બેવડી ઋતુની અસર હજુ પણ પંદરેક દિવસ રહેશે તેવું જણાઈ રહ્યું છે.

## એલ.આઈ.સી. યુનિયને હડતાલ પાડી

વીમા સુધારા વિધેયક ૨૦૦૮ રાજ્યસભામાં પેન્ડીંગ હોવા છતાં એન.ડી.એ. સરકાર બિન લોકશાહી પગલું ભરી લોકસભામાં તેઓની બહુમતીના જોરે તા. ૪-૩-૨૦૧૫ના રોજ બિલ પસાર કરી દીધું છે. સરકારનું આ તદ્દન ધ્રુણાસ્પદ પગલું છે. લોકસભામાં ચર્ચા વખતે મોટાભાગના વિરોધ પક્ષોએ આ પગલાની ટીકા કરી છે. આ બિલ હવે રાજ્યસભામાં મોકલવામાં આવશે. ત્યારે વીમા કર્મચારીઓએ પોતાના અગાઉના નિર્ણય અનુસાર સરકારના આ બિન લોકશાહી પગલાના વિરોધમાં આજે દેશભરમાં જડબેસલાક હડતાલ પાડી જીવન વીમા નિગમની કચેરી સામે જોરદાર સુત્રોચ્ચાર કર્યા હતા.

## શુભેચ્છા સમારોહ યોજાયો

આદર્શ નિવાસી શાળા સેકટર-૮ અને સેકટર-૧૩ દ્વારા ધોરણ-૧૦ અને ૧૨ની વિદ્યાર્થીઓનો શુભેચ્છા સમારોહ યોજવામાં આવ્યો હતો. શુભેચ્છા સમારોહમાં શાળાની વિદાય લેતી વિદ્યાર્થીનીઓએ શાળાના સંસ્મરણો વાગોળ્યા હતા. આ પ્રસંગે શાળાના આચાર્યએ વિદ્યાર્થીનીઓની કારકિર્દી ઉજળી બનાવે તેવા આશીર્વાદ પાઠવી પરીક્ષા લક્ષી માર્ગદર્શન આપ્યું હતું. ત્યાર બાદ બોર્ડની વિદ્યાર્થીનીઓનો ફુલ, પેન અને સાકર ભેટ આપી હતી. કાર્યક્રમનું સંચાલન ગાયત્રીબેન વૈદ્યે કર્યું હતું.

## શહેર કોંગ્રેસે બોર્ડના વિદ્યાર્થીઓને શુભકામના પાઠવી

માર્ચ ૨૦૧૫ બોર્ડની પરીક્ષાનું કાઉન્ટડાઉન શરૂ થઈ ગયું છે. વિદ્યાર્થીઓ પરીક્ષાની તૈયારીમાં વ્યસ્ત થયા છે. ગાંધીનગર શહેર જિલ્લા કોંગ્રેસ સમિતિએ બોર્ડના તમામ વિદ્યાર્થીઓને શુભેચ્છા પાઠવી છે. શહેર કોંગ્રેસ પ્રમુખ મુકેશ પટેલે જણાવ્યું છે કે ધોરણ-૧૦-૧૨ બોર્ડના વિદ્યાર્થીઓનું ભાવિ ઉજળું બને અને દેશ તેમજ આંતરરાષ્ટ્રીય સ્તરે ગુજરાતના બાળકો નામના મેળવે તેવા શુભાશિષ પાઠવ્યા છે.

## અખિલ ભારતીય પ્રજાપતિ મહાસંઘનો જીવનસાથી પસંદગી મેળો યોજાશે

અખિલ ભારતીય પ્રજાપતિ (કુંભકાર) મહાસંઘ આયોજિત રાજ્યકક્ષાનો પ્રથમ જીવનસાથી પસંદગી મેળો ગાંધીનગર ખાતે ટાઉનહોલમાં તા. ૧૦-મે રવિવારે યોજાશે. જેમાં ગુજરાતના તમામ પ્રજાપતિ યુવક યુવતીઓ ભાગ લઈ શકશે. વધુ વિગત માટે સંપર્ક કન્વીનરશ્રી પોપટલાલ એસ. પ્રજાપતિ મો. ૯૮૨૫૪૫૩૪૮૫, અધ્યક્ષશ્રી ગોવિંદભાઈ એન. પ્રજાપતિ ૯૮૨૪૩૩૯૫૨૩ પર સંપર્ક કરવા જણાવેલ છે.

# સેક્ટર-૨૮ બ્રહ્માકુમારી સેવા કેન્દ્ર ખાતે આંતરરાષ્ટ્રીય મહિલા દિવસની ઉજવણી

ગાંધીનગર, તા.૯

સેકટર-૨૮ બ્રહ્માકુમારીઝ દ્વારા આંતરરાષ્ટ્રીય મહિલા દિવસની ઉજવણી કરવામાં આવી હતી. નારીને બ્રહ્માકુમારીઝ પરિવાર દ્વારા ૮મી માર્ચે આંતર રાષ્ટ્રીય મહિલા દિવસની ઉજવણી કરાઈ હતી. પ્રજાપિતા ઈશ્વરીય વિશ્વ વિદ્યાલય દ્વારા ૧૩૭ કરેલા કાર્ય બદલ બિરદાવતા પુષ્પગુચ્છ આપી સન્માન કરાયું હતું. તેમજ નિવૃત્તિ બાદ સતત પ્રવૃત્તિશીલ રહેતા અને સેવાભાવી ડોકટર



પુરુષ સમાન નહિ પરંતુ શિવ-શકિતના સ્થાને પ્રસ્થાપિત કરવાની નેમ લેવામાં આવી હતી. બ્રહ્માકુમારી પરિવાર દ્વારા ૧૩૭ દેશોના સેવા કેન્દ્રોમાં મહિલા દિવસ મનાવવામાં આવ્યો હતો.

શહેરના સેકટર-૨૮ સ્થિત દેશોમાં ૮૫૦૦ જેટલા સેવા કેન્દ્રો પર ભવ્ય ઉજવણી કરવામાં આવી હતી.

સેકટર-૨૮ સેવા કેન્દ્રમાં ગાંધીનગરની જયોતિ મહિલા મંડળના પ્રમુખ લતાબેન ચોકસીએ મહિલાઓના ઉત્થાન માટેના તેમણે હસમુખભાઈ પટેલને સન્માનવામાં આવ્યા હતા. આ પ્રસંગે રાજયોગીની કૈલાશદીદી, ચિલોડા સેવા કેન્દ્રના બ્રહ્માકુમારી તારાદીદી સહિત બ્રહ્માકુમારીઝ પરિવાર ઉપસ્થિત રહ્યો હતો.

# ઈકો ફ્રેન્ડલી પાર્કીંગની યોજના કાગળ પર પણ આખરી થઈ નથી

## જુના સચિવાલયની પાર્કીંગ વ્યવસ્થા અપગ્રેડ કરવાની યોજના વિસરાઈ

ગાંધીનગર, તા. ૯

જુના સચિવાલય સંકુલમાં ઈકો ફ્રેન્ડલી પાર્કીંગ બનાવવાની યોજના અભેરાઈએ ચઢાવી દેવાઈ છે. દાયકાઓના અંતે સચિવાલય સંકુલમાં પાર્કીંગ વ્યવસ્થા અપગ્રેડ કરવા નવા પાર્કીંગ પોઈન્ટ નિયત કરી અભ્યાસના અંતે નવી કાર્યયોજના તૈયાર કરવામાં આવી હતી. પરંતુ ટાઉન પ્લાનીંગ કક્ષાએથી આ મામલે નિરસતા સેવાતા જુના સચિવાલયમાં જટીલ બનતી પાર્કીંગ સમસ્યાને હલ કરી શકાઈ નથી.

રાજયનો વહીવટી દોરીસંચાર જ્યાંથી થાય છે તેવા જૂના સચિવાલય સંકુલમાં સ્થિત વિવિધ બ્લોકમાં અનેકવિધ કચેરીઓ યથાવત છે. જેના પરિણામે આ સંકુલમાં રોજબરોજ આવતા કર્મચારીઓ ઉપરાંત મુલાકાતીઓની સંખ્યા પણ વિશેષ હોય છે. દાયકાઓ પૂર્વે ઉભી કરાયેલી પાર્કીંગ વ્યવસ્થા પર્યાપ્ત ન હોવાથી હાલ સચિવાલય સંકુલમાં રોજબરોજ વાહનોનો આડેધડ ખડકલો થાય છે. સચિવાલય સંકુલની પાર્કીંગ વ્યવસ્થાને સમય મુજબ અપગ્રેડ કરવા તંત્ર દ્વારા અભ્યાસના અંતે નવા પોઈન્ટ નિયત કરી ઈકો ફ્રેન્ડલી પાર્કીંગ બનાવવાની કાર્યયોજના તૈયાર કરવામાં આવી હતી. વિભાગ કક્ષાએથી જૂના સચિવાલય સંકુલની પાર્કીંગ વ્યવસ્થા અપગ્રેડ કરવાની યોજના તૈયાર કરાયા બાદ આ મામલે ટાઉન પ્લાનીંગને સુપ્રત કરવામાં આવી હતી. જેના રીનોવેટના અંતે આ યોજનાને આખરી કરવા ગતિવિધિઓ હાથ ધરાઈ હતી. પરંતુ એક વર્ષના લાંબા સમયગાળાના અંતે પણ ઈકો ફ્રેન્ડલી પાર્કીંગ યોજના કાગળ ઉપર પણ આખરી થઈ શકી નથી.



પ્રાંતિજ નજીક આવેલ ઓરાણ ગ્રુપ કેળવણી સંચાલિત શેઠ એમ.કે. ઓરાણ ગૃપ હાઈસ્કુલમાં તા. ૯-૩-૨૦૧૫ને સોમવારના રોજ સરકારી ધારા ધોરણ મુજબ વય મર્યાદાના કારણે નિવૃત્ત થતા શિક્ષક પટેલ નટુભાઈ કે જેવો શાળામાં શિક્ષક તરીકે ફરજ બજાવતા હતા અને તેવો વય મર્યાદાને કારણે નિવૃત્ત થતા શાળા પરિવાર તથા કેળવણી મંડળ દ્વારા તેમનો સન્માન સમારંભ યોજાયો હતો. જેમાં ગિરિશભાઈ રાવલ, રાજયોગિની તારાબેન તથા કેળવણી મંડળ દ્વારા તેમનો સન્માન સમારંભ યોજાયો હતો.

# પ્રથમવાર પૂર્ણ સીસીટીવીની દેખરેખ હેઠળ પરીક્ષા લેવાશે

## વિદ્યાર્થીઓ દ્વારા કરાતી ગેરરીતીને રોકવાનો મુખ્ય હેતુ

ગાંધીનગર, તા.૯

ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા ધોરણ ૧૦ અને ધોરણ ૧૨ની પરીક્ષાઓ ૧૨ માર્ચથી લેવામાં આવશે. જેમાં રાજયભરમાંથી કુલ ૧૭.૩૨ લાખ વિદ્યાર્થીઓ પરીક્ષા આપશે. આ વખતે પ્રથમ વખત બોર્ડની પરીક્ષાના તમામ કેન્દ્રો ઉપર સીસીટીવી કેમેરા ગોઠવવામાં આવ્યા છે. જેનાં કારણે વિદ્યાર્થીઓ માટે ગેરરીતી આચરવી મુશ્કેલ બનશે.

પ્રાપ્ત થતિ માહિતી મુજબ ગુજરાતમાં ૧૨મી માર્ચથી ધોરણ-૧૦ અને ધોરણ-૧૨ બોર્ડની પરીક્ષા શરૂ થઈ રહી છે. જેની તમામ તૈયારી કરી લેવામાં આવી છે. જેનાં અંતર્ગત ધોરણ-૧૦ બોર્ડની પરીક્ષામાં ૧૦.૨૮ લાખ વિદ્યાર્થીઓ બેસનાર છે. આવી જ રીતે ધોરણ-૧૨ સામાન્ય પ્રવાહની પરીક્ષા માટે ૫.૪૭ લાખ વિદ્યાર્થીઓ રહેલા છે. લાખો વિદ્યાર્થીઓ સરળતાથી અને સાનૂકુળ માહોલમાં પરીક્ષા આપે તેની તમામ તૈયારી પહેલાથી જ કરી લેવામાં આવી છે. પરીક્ષાને લઈને બોર્ડ સાવધાન છે. બોર્ડ દ્વારા પરીક્ષાના ઈતિહાસમાં પ્રથમ વખત સમગ્ર રાજયમાં લગભગ તમામ સેન્ટરોને સીસીટીવી કેમેરા હેઠળ આવરી લેવામાં આવ્યા છે. જેમાં ખેડા, સાબરકાંઠા અને બનાસકાંઠા જેવા જિલ્લાઓમાં તમામ સેન્ટરો ભૂતકાળમાં સામુહિક કોપી બનાવો માટે કુખ્યાત રહ્યા છે.

ગુજરાત સેકેન્ડરી એન્ડ હાયર સેકેન્ડરી એજ્યુકેશન બોર્ડના જણાવ્યા મુજબ સીસીટીવી કેમેરા કુલ ૧૮૧૨ પરીક્ષા સેન્ટરો પૈકી ૯૦ સેકેન્ડરીમાં સ્થાપિત કરવામાં આવી ચૂકયા છે. બાકીના સેન્ટરો માટે બોર્ડ દ્વારા પરીક્ષા દરમિયાન કલાસરૂમ પર નજર રાખવા ૪૦૦૦ ટેબલેટ કોમ્પ્યુટર ગોઠવી કાઢ્યા છે. વર્ષ ૨૦૧૩માં બોર્ડ પરીક્ષા દરમિયાન માત્ર ૨૯ સેન્ટરોને સીસીટીવી હેઠળ આવરી લેવામાં આવ્યા હતા.

આ મામલે ગુજરાત સેકેન્ડરી એન્ડ હાયર સેકેન્ડરી એજ્યુકેશન બોર્ડના ચેરમેન આરઆર વરસાણીએ જણાવ્યું હતું કે, તમામ સરકારી સ્કુલોમાં સીસીટીવી કેમેરા ગોઠવી દેવામી તૈયારી છેલ્લા બે વર્ષથી ચાલી રહી હતી. આ સફળતા હવે મળી છે. ખાનગી સ્કુલોમાં પણ સીસીટીવી ગોઠવી દેવામાં આવ્યા છે.

# આજે ગાંધીનગરમાં

## આજનો દિવસ

સૂર્યોદય : ૬.૫૫

સૂર્યાસ્ત : ૬.૪૬

## તાપમાન

મહત્તમ : ૩૨.૮ ડિ.સે.

લઘુત્તમ : ૧૮.૦ ડિ.સે.

## ભેજનું પ્રમાણ

સવારે ૩૪ ટકા ● સાંજે ૧૭ ટકા

## મનોરંજન

### મૂવી પ્લેક્સ, કલોલ

: સ્કીન-૧ :

ડર્ટી પોલિટીક્સ : ૧૦.૧૫, ૧.૧૫, ૪.૧૫, ૭.૧૫, ૧૦.૧૫

સ્કીન-૨ :

હે... બ્રો : ૧૧.૩૦, ૨.૦૦ ૪.૩૦, ૭.૦૦, ૧૦.૦૦

સ્કીન-૩ :

બદમાશીયાં : ૧૦.૦૦, ૩.૦૦, ૮.૦૦

વાવ : ૧૨.૩૦, ૫.૩૦, ૧૦.૩૦

### સિટીપલ્સ

: સ્કીન-૨ :

હે... બ્રો : ૧૦.૦૦

ડર્ટી પોલિટીક્સ : ૭.૦૦

: સ્કીન-૩ :

હે... બ્રો : ૧૦.૦૦

ડર્ટી પોલિટીક્સ : ૧૦.૦૦

કિંગ્સમન : સિક્રેટ સર્વિસ (ઈંગ્લીશ) : ૭.૧૫

સ્કીન-૪ :

અબ તક છપ્પર-૨ : ૫.૩૦, ૭.૪૫

દમ લગાકે હેઈસા : ૧૦.૦૦, ૧૨.૪૫, ૩.૦૦, ૧૦.૦૦

સ્કીન-૫ :

હે... બ્રો : ૧૨.૩૦, ૫.૩૦

બદમાશીયાં : ૧૦.૦૦, ૭.૩૦, ૧૦.૦૦

ડર્ટી પોલિટીક્સ : ૨.૪૫

## આપની આજ

**મેષ** : આર્થિક સ્થિતિમાં સારી તકો આવવાની શકયતા છે. કાર્યની ગતિમાં વધારો થઈ શકશે. સારા લોકોથી મુલાકાત થઈ શકે છે. જે તમારી હિતચિંતક બની રહેશે.

**વૃષભ** : પ્રબળ આત્મવિશ્વાસ તથા દૃઢ નિશ્ચયથી જટીલ કાર્યનો ઉકેલ આવી શકે. આરોગ્ય અનુકૂળ રહેશે. કુટુંબના સદસ્યો તરફ ખાસ ધ્યાન આપવું.

**મિથુન** : ગહન શોધ, જ્ઞાન તેમજ આધ્યાત્મનાં અગત્યનાં કાર્યોમાં ગહન શોધ થશે. માતૃપક્ષથી સંબંધિત વ્યક્તિઓથી સહયોગ પ્રાપ્ત થવાની સંભાવનાઓ રહેલી છે.

**કર્ક** : નવીન કાર્ય કરવાની તકમાં વધારો થશે. પ્રેમ સંબંધમાં સફળતા પ્રાપ્ત થઈ શકશે. દિવસ દરમ્યાન વ્યસ્તતા વધશે. કૌટુંબિક જીવનમાં સાથ સહકાર મળી રહેશે.

**સિંહ** : વ્યાપાર- વ્યવસાયમાં સમસ્યાઓ હોવા છતાં કાર્ય પાર પડી શકશે. કુટુંબનું વાતાવરણ નિરાશાજનક રહેવાથી ઉત્સાહ ઘટી શકે છે. વધુ ખર્ચ ન કરવો.

**કન્યા** : નવી કાર્યયોજનાના યોગ પ્રબળ છે. માન-સન્માન પ્રાપ્ત થશે. વેપાર- ધંધા સારા અને લાભપ્રદ આર્થિક લાભની તક પ્રાપ્ત થઈ શકે છે. કૌટુંબિક સમસ્યાઓનું સમાધાન થઈ શકશે. પ્રતિસ્પર્ધામાં વિજય પ્રાપ્ત થશે.

**તુલા** : બુદ્ધિનો ઉપયોગથી કાર્યમાં વદ્ધિ થશે. કાયદાકીય બાબતોમાં સફળતા પ્રાપ્ત થઈ શકશે. તમારા કાર્યોની સમાજમાં પ્રશંસા થઈ શકશે. પ્રયત્નોનો ફળ તરત પ્રાપ્ત થઈ શકે છે.

**વૃશ્ચિક** : માનસિક શાંતિ જાળવી રાખવી. સામાજિક કાર્યોમાં આપનો સક્રિય સહયોગ રહેશે. વ્યપારા પ્રગતિકારક બની રહેશે. સાહસનો લાભ પ્રાપ્ત થઈ શકશએ. સંતાનના આરોગ્ય સંબંધી ચિંતા દૂર થશે. સત્સંગ થશે.

**ધન** : ગુસ્સા અને આવેશ પર સંયમ રાખવો. નવા સંબંધ બની શકશે. વ્યક્તિગત કાર્યોમાં ઉન્નતિ મળી શકશે. વાદ-વિવાદથી દૂર રહેવું જોઈએ.

**મકર** : શિક્ષા, જ્ઞાન, આધ્યાત્મના કાર્યોમાં મન લાગશે. ધર્મ, માંગલિક કાર્યોના સંબંધમાં આયોજન થઈ શકે છે. ધાર્મિક કાર્યોમાં સમય પસાર થશે.

**કુંભ** : જીવનમાં વિવિધતાપૂર્ણ વાતાવરણ નિર્મિત થશે. વિવાદિત કાર્યોને પૂર્ણ કરવા માટે અત્યંત શુભ સમય છે. શિક્ષા સંબંધી ઉપલબ્ધિદાય યોગ બની રહ્યો છે.

**મીન** : મહત્વકાંક્ષા અનુસાર કાર્ય પૂરા થવાનો યોગ છે. સામાજિક અને રાજકીયક્ષેત્રોથી લાભ પ્રાપ્ત થઈ શકશે. સામાજિક ક્ષેત્રે મહત્વપૂર્ણ ઉપલબ્ધિ પ્રાપ્તી થઈ શકે છે. વિરોધી હેરાન કરી શકે છે. ઘરમાં મહેમાન આવશે.

## ચિરવિદાય

- સ્વ. પટેલ અનિલકુમાર બાબુભાઈ (ઉ.વ.૨૫) મુ. મુબારકપુર, તા. કલોલ, જી. ગાંધીનગર
- સ્વ. સુનિલભાઈ ઈશ્વરજી સોલંકી (ઉ.વ.૩૫) બ્લોક નં. ૧૨૪/૧, છ-ટાઈપ, સેકટર-૨૯, ગાંધીનગર
- સ્વ. ધનસુખલાલ નરોત્તમદાસ પારેખ (ઉ.વ.૭૦) પ્લોટ નં. ૩૭૬/એ-૨, સેકટર-૮, ગાંધીનગર